રિલ્સ બનાવવા ભયનું વાતાવરણ ઊભું કરનારાઓનો રંગ ઉડાડતી પોલીસ

વરાછામાં શરીરે રંગ લગાવી કાર પર સીનસપાટા કરનારા બુટલેગરના પુત્ર સહિત નવ યુવક ઝડપાયા

સુરતઃ સુરતમાં તાજેતરમાં જ એક વીડિયો વાયરલ થયો હતો જેમાં કેટલાક યુવાનો પોતાના શરીર ઉપર રંગ લગાડીને સ્કોર્પિઓ ઉપર બેસીને સીન સપાટા કરતા જોવા મળ્યાં હતા,

સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયેલા એક વીડિયોમાં કેટલાક યુવકો પોતાના શરીર ઉપર રંગ લગાવ્યા બાદ બિભત્સ ગાળો બોલવાની સાથે સ્કોર્પિઓની અંદર તેની ઉપર રૂક ઉપર બેસીને જાહેરમાં સીન સપાટા કરતા જોવા મળ્યા હતા. જે પોલીસ સુધી પહોંચતા બ્લેક રંગની સ્કોર્પિયોના રજિસ્ટ્રેશન નંબર તેમજ તપાસ દરમિયાન સીન સપાટા કરનારા આ ૯ યુવકોને પકડી પાડયા હતા. પોલીસે તેમના રંગ ઉડાડી દીધા હતા.જેમાં ગોહિલ હિરેન ,વિશાલ શિયાળ, ઉમેશ સીરસાઠ, શૈલેષ રાઠોડ, ગોપાલ પરમાર, મનહર રાઠોડ, બિપિન રાઠોડ, જયેશ ગોહિલ સહિત સગીરનો સમાવેશ થાય છે.

જોકે પોલીસે તમામને પકડી પાડી કાન પકડાવ્યા હતા તેમજ બીજી વાર આવું નહીં કરવા ટકોર કરી હતી, અને સબક શીખવાડયો હતો.મુખ્ય આરોપી હિરેન યુ ટ્યુબર છે અને બુટલેગરનો પુત્ર છે.જ્યારે અન્ય ઝડપાયેલા આરોપીઓ હીરાના કારખાના મજૂરી કામ સાથે સંકળાયેલા છે.તમામ આરોપીઓ વરાછાના ઘનશ્યામ નગરના રહેવાસી છે.બ્લેક કલરની સ્કોર્પિયો આરોપી હિરેન કમલેશ ગોહિલની છે. સોશિયલ મીડિયા પર ફેમસ થવા માટે રિલ્સ બનાવી હતી. વરાછા પોલીસે સાન ઠેકાણે પાડી કાયદાનું ભાન કરાવ્યું હતુ.

પાંજરાપોળમાં પ્રગટાવવામાં આવી વૈદિક હોળી

■ સમગ્ર શહેરમાં હોળી દહન કરવામાં આવ્યું હતું ત્યારે ઘોડદોડ રોડ સ્થિત પાંજરાપોળમાં વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી. (તસવીર : સતીષ જાદવ)

સંક્ષિપ્ત સમાચાર

વાડિયા વિમેન્સ કોલેજમાં બીએ વિથ ઇંગ્લિશ (સેલ્ફ ફાયનાન્સ)નાં 20 વર્ષ પૂરાં થયાની ઉજવણી કરાઇ

સુરતઃ શહેરની પ્રતિષ્ઠિત વિદ્યામંદિર સંચાલિત ઝેડ.એફ. વાડિયા વિમેન્સ અને એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં B.A with English (Self Finance)ના ૨૦ વર્ષ પૂરા થતાં ઉજવણીના ભાગરૂપે તા. ૯ માર્ચ, ૨૦૨૫ના રોજ ૧૧ કલાકે કોલેજમાં Alumni Meet યોજવામાં આવી હતી, જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓને તેમણે મેળવેલી વિવિધ ક્ષેત્ર મળેલી સિદ્ધિઓ બદલ ઇ.આચાર્ય, પ્રા.જયેશ ચૌહાણ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રા.દીપાલીબેન પટેલે ૨૦ વર્ષ દરમિયાનની રૂપરેખા આપી હતી તેમજ ભૂતપૂર્વ પ્રાધ્યાપકોના યોગદાનને બિરદાવ્યું હતું. વર્તમાન વિદ્યાર્થિનીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓએ સંસ્મરણો વાગોળતાં જણાવ્યુ હતું કે તેમની પ્રગતિમાં આ સંસ્થા તેમજ પ્રાધ્યાપકોના માર્ગદર્શનનું અભૂતપૂર્વ યોગદાન હતું. પ્રા. ડો.બીજલ નાણાવટીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

રામબાગના કબીર મંદિર ખાતે હોળી મહોત્સવ નિમિત્તે ચૌકા આરતી-ચૌકા પાઠનું આયોજન કરાયું

સુરત : હોળી મહોત્સવ અંતર્ગત બુધવારે સાંજે રામપુરા, રામબાગ, સુરત ખાતે આવેલ સદગુરૂ કબીર મંદિર ખાતે વર્ષોની પરંપરાનુસાર ચૌકા આરતી અને ચૌકા પાઠનું વિશાળ આયોજન કરાયું હતું. કબીર સાહેબની આ ગાદી 300થી વર્ષ કરતા વધુ પ્રાચિન છે. આ અવસરે મહંત તુલસીદાસજી છગનદાસજી સાહેબના હસ્તે ચૌકા આરતી અને ચૌકા પાઠ સંપન્ન કરાયા હતાં. કેસરડી, કગરામા, તસાદ તથા નરથાણના જોધલપીર મંદિરના મહંત સહિત કથાકાર અભયબાપુની ઉપસ્થિતિમાં અને કેબિનેટ મંત્રી પૂર્ણેશભાઇ મોદી, ધારાસભ્ય કાંતિભાઇ બલર તથા મેયર દક્ષેશ માવાણીના અતિથિપદે યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામા શ્રધ્ધાળુઓએ હાજરી આપી ધર્મલાભ સાથે મહાપ્રસાદનો લાભ મેળવ્યો હતો.

અભિગમ બદલવાની જરૂર છે, દુશ્મનને પણ દોસ્ત બનાવો, હસે તો એને રિસીવ કરતા શીખો: પદ્મદર્શનવિજયજી

બોરસદઃ બોરસદ સ્થિત મહાવીરનગર સોસાયટીના સાચા સુમતિનાથ જિનાલયની બાજુમાં આવેલા આરાધના ભવનમાં ફાગણ ચોમાસી ચૌદસની આરાધનોત્સવ પ્રસંગે પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે ધર્મસભાને સંબોધતા જણાવ્યું હતું કે, સાધનાના ક્ષેત્રમાં સમર્પણ એ મોટો ફેક્ટર છે. જીવનમાં શાંતિ, સમાધી અને સ્વસ્થતા જોઈતી હોય તો દેવગુરુ ધર્મને સમર્પિત થવું પડશે. આજે જ્યાં ને ત્યાં સંઘર્ષો, સંક્લેશ અને અશાંતિનું વાતાવરણ જોવા મળે છે. કુટુંબ, પરિવાર સમાજ અને દેશમાં પ્રશંસાપાત્ર બનવું હોય તો તમારે તમારી વિચારધારાને પલટવી પડશે. ભીતરમાંથી નેગેટિવિટીને ડીલીટ નહીં કરો અને સારી વસ્તુને સ્ટોર નહીં કરશો તો સમગ્ર જીવન હારી જશો. અભિગમ બદલવાની જરૂર છે દુશ્મનને પણ દોસ્ત બનાવો, હસે તો એને રિસીવ કરતા શીખો. જેને ને તેને 'રિજેક્ટ' કરવાની પડી ગયેલ ટેવ સમગ્ર જીવનને ડિસ્ટર્બ કરી નાંખશે.

એસપીબી કોલેજમાં વાર્ષિક ઉત્સવ 'SPB FEST-2025' ઉજવાયો

સુરતઃ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઇંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ દ્વારા વાર્ષિક ઉત્સવ "SPB FEST-2025"નું ભવ્ય આયોજન તા. 12 માર્ચ 2025 ના રોજ કન્વેન્શન હોલ, VNSGU, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. આશિષ પંડ્યાએ મહાનુભાવો અને વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ પ્રસંગે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ચેરમેન CA ભરતભાઈ શાહ, પ્રથમ વાઇસ ચેરમેન આશિષ વકીલ, વિશિષ્ટ વકીલ મનીષ પટેલ અને સુનીલ જરીવાલા, કોલેજ એડમિનિસ્ટ્રેટિવ કમિટીના ચેરમેન નિખિલ મદ્રાસી, અને ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના પ્રમુખ જીગ્નેશ માધવાણી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં 50 થી વધુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક, સાંસ્કૃતિક, વક્તૃત્વ, રમતગમત અને NCC ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા. મહાનુભાવોએ વિજેતાઓને પુરસ્કારો એનાયત કર્યા.

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા તમાકુ-ગુટખાની હોળી કરાઇ

સુરત : સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત અને સુ-સંસ્કાર દીપ યુવા મંડળ દ્વારા સંયુક્ત ઉપક્રમે વ્યસનમુક્તિના અંતર્ગત તમાકુ અને તેમાંથી બનતી નશાકારક વસ્તુઓની હોળી પ્રગટાવવામાં આવી હતી. હોલિકા દહનના પવિત્ર દિવસ નિમિત્તે જમનાબા વિદ્યાર્થી ભવન, વાલક પાટિયા, સુરત ખાતે શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત અને શ્રી સુ-સંસ્કાર દીપ યુવા મંડળના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ દ્વારા તમાકુ અને ગુટકાને હોળીના પવિત્ર અગ્નિમાં માનવ સમાજના જીવનમાં ઘર કરી ગયેલા વ્યસનરૂપી રાક્ષસને હોમીને વ્યસન અને ધુમ્રપાનને તિલાંજલિ આપી યુવાધનને જાગૃત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જેમાં સંસ્થાના સભ્યો અને મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સુરતી મોઢ વણિક નાનપુરા મહિલામંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરાઇ

સુરતઃ શ્રી સુરતી મોઢ વણિક નાનપુરા મહિલા મંળ દ્વારા શ્રી સુરતી મોઢ વણિકની વાડી પાલમાં નાનપુરા મહિલા મંડળના પ્રમુખ ભાનુબેન લાપસીવાળાના અધ્યક્ષ પદે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ડો. દીપક મોદી, જયેન્દ્ર કાપડીયા અને ડો. તોરાવાલાએ દંપતિ સાથે 'સૂરમયી હમસફર'ના નામે ગીતો સંગીતના સૂર સાથે ગાયા હતા. આ પ્રસંગમાં 250 થી વધુ મહિલાવૃંદ જોડાયો હતો. ભાનુબેન લાપસીવાળાએ સ્વાગત પ્રવચન કરી મહેમાનોનું પુષ્પગુચ્છથી બહુમાન કર્યું હતું. સમાજના પ્રમુખ ધર્મેશભાઈ તમાકુવાળા, નાનપુરા પંચના પ્રમુખ મનહરભાઈ લાપસીવાળા, પીપલ્સ બેન્કના ચેરમેન અમિતભાઈ ગજ્જર, શ્રીવાસભાઈ ઘીવાળાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. હાજર બહેનોને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. જ્યોતિબેને એનાઉન્સર તરીકે ફરજ બજાવી હતી તેમજ સ્મીતાબેને આભારવિધી કરી હતી.

મ્યુનિ.કમિ. શાલિની અગ્રવાલ દેશ-વિદેશના 187 IASના નોલેજમાં રંગો પૂરશે

મસુરી સ્થિત આઇએએસ ટ્રેનિંગ સેન્ટરમાં ભુતાન રોયલ સહિત 187 આઇએએસને મ્યુનિસિપલ બોન્ડના પાઠ શીખવશે

સુરતઃ મસુરી ખાતે ભારતભરના આઈ.એ.એસ. ઓફિસરો 1 વર્ષની ટ્રેનિંગ માટે જતા હોય છે. મસુરી ખાતે આવેલી LBSNAA (લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશન)માં ભારતભરના 184 આઈ.એ.એસ. ઓફિસરો તેમજ રોયલ ભુતાન સિવિલ સર્વિસીસના 4 ઓફિસર ટ્રેનિંગ માટે આવશે. જેમને સુરત મહાનગરપાલિકા કમિશનર શાલિની અગ્રવાલ જુદા જુદા વિષયો પર સેશન આપવા જશે. તા.17 અને 18 માર્ચે આ ટ્રેનિંગ સેશન યોજાશે. ભારતભર અને રોયલ ભુતાન(સિવિલ સર્વિસીસ ઓફિસર)માંથી આવનારા કુલ 188 ઓફિસરમાં કુલ 111 પુરુષ અને 76 મહિલા આઈ.એ.એસ. ઓફિસર છે.

ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ હેઠળ મસુરી ખાતે આઈ.એ.એસ. ઓફિસરોની ટ્રેનિંગ એકેડેમી કાર્યરત છે, જેમાં ભારતભરના આઈ.એ.એસ. ઓફિસરો એક વર્ષ માટે ટ્રેનિંગ લેતા હોય છે. હાલ વર્ષ-2024 બેચના આઈએએસ ઓફિસરોની ટ્રેનિંગ હાલ ચાલી રહી છે, જેમાં મનપા કમિશનર જુદા જુદા વિષયો પર ટ્રેનિંગ સેશન લેશે. આ ટ્રેનિંગમાં મુખ્યત્વે કરીને અર્બન ગવર્નન્સ, મ્યુનિસિપલ ફાયનાન્સ તેમજ મ્યુનિસિપલ બોન્ડ પર સેશન લેશે. મનપા કમિશનર શાલિની અગ્રવાલે લખેલા પુસ્તક ''ઓલ અબાઉટ મ્યુનિસિપલ બોન્ડ'' વિશે પણ ટ્રેનિંગ સેશનમાં ચર્ચા કરવામાં આવશે.

એરપોર્ટના ટેક્સીચાલકોની હડતાળ, 9 મિનિટ ફ્રી ડ્રોપઅપ બાદની

અડધી મિનિટનો પાર્કિંગ ચાર્જ ૩પિયા 105

ખાલી ટેક્સી એરપોર્ટથી બહાર આવે તો તેની પાસે ચાર્જ નહીં વસૂલવાની માંગ સાથે કોમર્શિયલ મેનેજરને આવેદનપત્ર સુપરત કરાયું

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર 9 મિનિટ ડ્રોપ અપ સુવિધા ફ્રી છે. અર્ધી મિનિટ પણ ઉપર જાય તો સીધા 30 થી 105 રૂપિયા પાર્કિંગ ચાર્જ લાગુ થઈ જાય છે. આજે 9.30 મિનિટના ટેક્સી ચાલકો પાસેથી સીધા 105 રૂપિયા વસુલવામાં આવતાં 250 જેટલા ટેક્સી ચાલકો વિજળીક હડતાળ પર ઉતરી ગયા હતા.

સુરત એરપોર્ટની પાર્કિંગની નવી પોલિસીથી ટેક્સી ચાલકોની રોજીરોટી પર મોટી અસર પડી છે. સુરત ટેક્સી ઓનર્સ એસોસિએશનના પ્રમુખ જેઠાભાઇ અને ખજાનચી ગટ્ટુ શ્રીનિવાસે જણાવ્યું હતું કે, એસોસિએશનની 250 ટેક્સીઓ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી પેસેન્જરોને લાવવા, લઇ જવાનું કામ કરે છે. એરપોર્ટ પર 9 મિનિટ 30 સેકન્ડ થાય અને ટેક્સી એરપોર્ટથી બહાર નહીં નીકળે તો સીધો જ રૂ.105 ચાર્જ લાગી જાય છે. એસોસિએશન દ્વારા એરપોર્ટ ડિરેક્ટરને ફ્રી મિનિટમાં વધારો કરવા, ખાલી ગાડી એરપોર્ટથી બહાર આવે તો તેની પાસેથી ચાર્જ નહીં વસૂલવા માંગ કરવામાં આવી છે. જ્યાં સુધી આ માંગ નહીં સંતોષાય ત્યાં સુધી ટેક્સી ચાલકો અચોક્કસ મુદત સુધી હડતાળ પર રહેશે.

અત્યારે પેસેન્જરોને એરપોર્ટ પર મૂકવાની સેવા આપવામાં આવી રહી છે. પણ એરપોર્ટથી પેસેન્જર લઇ જવાની સર્વિસ બંધ કરવામાં આવી છે. આગામી દિવસોમાં બંને સેવા બંધ કરવામાં આવશે. એસો.એ આજે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ડિરેક્ટરની ગેરહાજરીમાં કોમર્શિયલ મેનેજરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

શહેરમાં સૂર્યનો મિજાજ લાલચોળ, તાપમાન 38.4 ડિગ્રી

સુરતઃ શહેરમાં આજે તાપમાનનો પારો ગઈકાલ જેટલો જ યથાવત રહેતા ગરમી યથાવત રહી હતી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ કાળઝાળ ગરમીમાં હવે રાહત મળે તેવી શક્યતાઓ નહીંવત છે. આજે પવનોની દિશામાં ફેરફાર થયો હતો. હવામાં 18 ટકા ભેજની સાથે ટાર કિલોમીટરની ઝડપે ઉત્તરનો પવન ફુંકાયો હતો. મહત્તમ તાપમાન 0.1 ડિગ્રી ઘટીને 38.4 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધીને 25 ડિગ્રી નોંધાયું હતું. આગામી દિવસોમાં ગરમીના આકરા તેવર માટે શહેરીજનોએ તૈયાર રહેવું પડશે. અત્રે ઉલ્લેખનય છે કે, છેલ્લા ચાર દિવસથી તાપમાનનો પારો 38 ડિગ્રીથી ઉપર જ રહ્યો છે.

મામાની ફરજ ભાણેજને રક્ષણ આપવાની હોય છે, પરંતુ તે જ ભક્ષક બન્યો : કોર્ટ

સગીર ભાણેજનું અપહરણ કરી બળાત્કાર ગુજારનાર માનેલા મામાને 20 વર્ષની સખત સજા

સુરતઃ કતારગામમાં રહેતી ત્યક્તા 14 વર્ષીય દિકરી સાથે રહેતી હતી. મહિલાના સગા ભાઈના મિત્ર એવા વડોદરા ખાતે રહેતા 21 વર્ષીય યુવકે આ ત્યક્તા મહિલાને બહેન મનાવી હતી. જેથી મહિલા આરોપીને રાખડી પણ બાંધતી હતી અને તેની તેમના ઘરે અવરજવર હતી. દરમિયાન માનેલી બહેને આ યુવક સામે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, યુવકે તેણીની 14 વર્ષીય દિકરીને લલચાવી અપહરણ કરી એકથી વધુ વખત દુષ્કર્મ આચર્યું હતું. આ ફરિયાદના આધારે કતારગામ પોલીસે આરોપી સામે ગુનો નોંધ્યો હતો. આ કેસ સુરત કોર્ટમાં ચાલ્યો હતો. સુનાવણી દરમિયાન મદદનીશ સરકારી વકીલ મુંજાલ કે. બ્રહ્મભટ્ટ કેસ પુરવાર કરવામાં સફળ રહ્યા હતા.

કોર્ટે ક્રિષ્ણા રોહિતને દોષિત ઠેરવી 20 વર્ષ સખત કેદની સજાનો હુકમ કર્યો હતો. તદુપરાંત ભોગ બનનારને વિક્ટીમ કોમ્પનસેશન હેઠળ રૂ. 6 લાખ ચૂકવવા કોર્ટે આદેશ કર્યો હતો. ચુકાદો આપતા કોર્ટે નોંધ્યું કે, ફરિયાદી ત્યકતા છે, આરોપી તેણીના ભાઈનો મિત્ર છે અને ફરિયાદીએ તેને પણ ભાઈ માન્યો હતો અને ભોગ બનનારે તેને મામા માન્યો હતો. માનેલા મામા તરીકે આરોપીની ફરજ તેને રક્ષણ આપવાની હતી. પરંતુ આરોપીએ એક ભક્ષક તરીકે અઘટિત અને ઘૃણાસ્પદ કૃત્ય આચર્યું છે. આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તેથી સમાજમાં દાખલો બેસે તેવી સજાની જરૂર છે.

હીરાના કામના ચોક્કસ ભાવો નક્કી કરાશે, જોબ વર્કર ભાવ તોડી કામ નહીં કરે

હીરા કારખાનેદાર, વેપારી, જોબ વર્કર અને રત્નકલાકાર સંગઠનની સંયુક્ત બેઠક યોજાઈ

સુરતઃ ગુજરાત જોબ વર્ક ડાયમંડ એસો. દ્વારા આજે હીરા કારખાનેદાર, વેપારી, જોબ વર્કર અને રત્નકલાકાર સંગઠનની સંયુક્ત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જોબ વર્કર એસો.ના પ્રમુખ રાકેશ ઘેટીયાએ જણાવ્યું હતું કે, આ બેઠકમાં બધા જ પક્ષો દ્વારા આગામી દિવસોમાં હીરાના કામના ચોક્કસ ભાવો નક્કી કરાશે, એ મુદ્દે સહમત થયા છે. જોબ વર્કર ભાવ તોડી કામ નહીં કરશે. આઈડીઆઈ ખાતે યોજાયેલી બેઠકમાં સર્વાનુમતે કેટલાક નિર્ણયો લેવાયા છે. ગુજરાત જોબ વર્ક ડાયમંડ એસો.ના પ્રમુખ રાકેશભાઈ ઘેટીયા, ઉપપ્રમુખ વિજયભાઈ નાવડીયા, ઉદ્યોગ અગ્રણી દિનેશભાઈ નાવડીયા (ચેરમેન, આઈ.ડી.આઈ), જગદીશભાઈ ખૂટ (પ્રમુખ, ડાયમંડ એસો.) સુરત, બાબુભાઈ વાઘાણી (પ્રમુખ, શ્રી લેબ્રોન ડાયમંડ એસો.), ભાવેશભાઈ ટાંક (ઉપ પ્રમુખ, ડાયમંડ વર્કર યુનિયન) બાબુભાઈ વેકરીયા (પ્રમુખ, રત્નકલાકાર સંઘ)ને પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ આવે તે અંગે ચર્ચા કરાઈ હતી.

તા.15મી માર્ચે ગ્રાહક સુરક્ષા દિવસ નિમિત્તે શ્રેયસ દેસાઈએ ગ્રાહકો માટે અનેક મહત્વની બાબતો જણાવી

ગ્રાહકને અન્યાય થયાનું લાગે તો તુરંત ગ્રાહક કમિશન સમક્ષ ફરિયાદ કરવી જોઇએઃ શ્રેયસ દેસાઈ

35 વર્ષથી ગ્રાહક સુરક્ષાના કેસો લડતા નિષ્ણાંત વકીલ શ્રેયસ દેસાઈની ગ્રાહકોને જાગૃત થવા અપીલ

એડવોકેટ ઈશાન દેસાઈ

એડવોકેટ શ્રેયસ દેસાઈ

એડવોકેટ પ્રાચી દેસાઈ

સુરતઃ વિશ્વમાં દર 15મી માર્ચે વિશ્વ ગ્રાહક દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. સુરતમાં જો ગ્રાહક સુરક્ષાની વાત કરવામાં આવે તો ગ્રાહકોના સંકચમોચન સમાન એડવોકેટ શ્રેયસ દેસાઈની વાત કરવી પડે. છેલ્લા 43 વર્ષથી વકીલાતના વ્યવસાયમાં કાર્યરત શ્રેયસ દેસાઈએ 35 વર્ષ તો ગ્રાહક સુરક્ષાના કેસો લડવામાં જ કાઢ્યા છે. અડધો ડઝનથી પણ વધુ કાયદા વિષયક પુસ્તકોના લેખક અને 30 વર્ષથી અખબારોમાં કોલમ લખનાર શ્રેયસ દેસાઈએ ગ્રાહક સુરક્ષા વિશે અનેક જરૂરી માહિતી આપી હતી.

સવાલઃ ગ્રાહકો કેવી રીતે પોતાની સુરક્ષા કરી શકે છે?

જવાબઃ ગ્રાહકોએ પોતાના હકો માટે જાગૃત રહેવાની જરૂરીયાત છે. જો ક્યાંય અન્યાય થયાનું લાગે તો તુરંત વકીલ મારફત યા જાતે ગ્રાહક કમિશનમાં ફરિયાદ કરી શકે છે. હાલમાં ગ્રાહક કમિશનમાં ઈન્સ્યુરન્સ સેવાઓ, બેંકિંગ સેવાઓ, બિલ્ડર્સ વિ. સંબંધિત ફરિયાદો વધુ પ્રમાણમાં આવી રહી છે.

સવાલઃ તમારી કોર ટીમ વિશે જણાવશો?

જવાબઃ મારી પુત્રી પ્રાચી અર્પિત દેસાઈ લીગલ ડ્રાફ્ટિંગ અને પ્લીડીંગમાં સારી નિપુણતા ધરાવે છે. ઓફિસની આશરે 70 ટકા ફરિયાદો પ્રાચી જ તૈયાર કરે છે. મારા જમાઈ અર્પિત દેસાઈ ટેક્સેશન સંબંધિત કેસ અને બેંકોના ઓડિટના કામ કરે છે. જ્યારે મારી પત્ની દીપ્તી દેસાઈ ઓફિસનું મેનેજમેન્ટ સંભાળે છે. મારો પુત્ર ઈશાન દેસાઈ રિસર્ચનો શોખ ધરાવે છે અને સુપ્રીમ કોર્ટ તથા નેશનલ કમિશન અને સ્ટેટ કમિશનના હજારો કેસની ડેટાબેંક ધરાવે છે. મારી પુત્રવધુ વિધિ બેન્કોના ટાઈટલ ઈન્વેસ્ટિગેશન સંબંધિત કામ કરે છે. અન્ય 6 જુનિયર્સ પણ છે. તથા ગુજરાત સ્ટેટ કમિશન (અમદાવાદ) તથા નેશનલ કમિશન (ન્યુ દિલ્હી) માં એસોસીએટ એડવોકેટ્સ છે. એટલે આખા ડેડિકેટેડ નેટવર્કનો ગ્રાહકોને લાભ મળી જાય છે.

સવાલઃ તમારી સફળતાનો શ્રેય કોને આપશો?

જવાબઃ મારી સફળતાનો શ્રેય હું મારા પરિવારને આપીશ. અમારા દેસાઈ પરિવારે આજદિન સુધીમાં ગ્રાહક કમિશનોમાં આશરે 10 હજાર કેસ ચલાવ્યા છે. 2024ના વર્ષમાં સુરત જિલ્લા ગ્રાહક કમિશનોમાં અમે 400 ફરિયાદનું નિવારણ કર્યું છે. જેમાં 93 ટકા કેસમાં અમને સફળતા મળી છે.

લો બોલો, લોકો ડ્રેનેજમાં પથ્થરો, ટાયર્સ, ગાદલાં પણ પધરાવે છે, પછી ગટરો ચોકપ જ થાય ને!!

માસૂમ કેદારના મોત બાદ મનપા દ્વારા સ્ક્રિનિંગ કામગીરી હાથ ધરવામાં આવી, ત્યારે ગટરમાંથી નીકળતી ચીજવસ્તુઓ જોઈ અધિકારીઓ ચોંકી ઊઠ્યા

સુરતઃ સુરત શહેરના હદ વિસ્તરણ સાથે પાલિકા ડ્રેનેજ નેટવર્કનું પણ વિસ્તરણ કરી રહી છે. કેટલીક જગ્યાએ પાલિકાના અંદાજ કરતાં વધુ વસ્તી થઈ હોવા સાથે ફોલ્ટી ડિઝાઈનના કારણે ડ્રેનેજ ચોક અપની ફરિયાદ બહાર આવી રહી છે. પરંતુ કેટલાક વિસ્તારમાં પરફેક્ટ ડિઝાઈન સાથે ડ્રેનેજ નેટવર્ક છે, તેમ છતાં છાસવારે ડ્રેનેજ ઊભરાવાની તથા ચોક અપ થવાની ફરિયાદ આવી રહી છે. મોટાભાગની ફરિયાદમાં ડ્રેનેજ સફાઈ દરમિયાન મોટી માત્રામાં વિવિધ પ્રકારનો કચરો નીકળી રહ્યો છે, તે જોઈ પાલિકા તંત્ર પણ ચોંકી રહ્યું છે. વરીયાવ- અમરોલી રોડ પર ડ્રેનજમાં બાળકનું મૃત્યુ થયા બાદ પાલિકાના ડ્રેનેજ વિભાગે કામગીરી સઘન કરીને સ્ક્રિનીંગ કામગીરી શરુ કરી છે, પરંતુ આ દરમિયાન પાલિકા તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. પાલિકા જનજાગૃતિ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરે છે તેમ છતાં પણ સુરત શહેરના લોકોમાં ટ્રાફિક સેન્સ સાથે સિવિક સેન્સનો પણ અભાવ હોવાનું લાગી રહ્યું છે. પાલિકા ડ્રેનેજ ચોક અપની ફરિયાદ બાદ સફાઈ કરે છે ત્યારે ગટરમાંથી કાપડના ડુચા તથા સેનેટરી નેપ્કીન (પેડ) નીકળે છે. આવી વસ્તુઓ ગટરમાં નાખી દેવામાં આવતી હોવાના કારણે ગટર ચોકઅપ થઈ ગઈ હોવાનું તારણ કાઢવામાં આવે છે. તેમાં પણ હાલમાં તો પાલિકાના પારસ અને કરંજ પમ્પીંગ સ્ટેશન નજીકની ડ્રેનેજમાં તો મોટા પથ્થર, ગોદડી અને ચીંદવેસ્ટ, સાથે ટાયર જેવી વસ્તુઓ પણ બહાર કાઢવામાં આવી હતી. આવી વસ્તુઓ લોકો ડ્રેનેજમાં નાંખી દેતા હોય છે, જેના કારણે ડ્રેનેજ લાઈન ચોકઅપ થાય છે.